## એઆઈસીઆરપી– વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ દ્વારા "સંકલિત નીંદણ વ્યવસ્થાપન" વિષય પર ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

એઆઈસીઆરપી- વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ દ્વારા "સંકલિત નીંદણ વ્યવસ્થાપન" વિષય પર તા. ૧૭-૦૮-૨૦૨૩ થી ૧૯-૦૮-૨૦૨૩ દરમ્યાન ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન અનિકેત ખેડૂત છાત્રાલય, આ.કૃ.યુ., આણંદ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં વડનગર તાલુકાના કુલ ૨૭ ખેડૂતોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રી. ડી. ડી. ચૌધરી, એગ્રોનોમીસ્ટ, એઆઈસીઆરપી- વીડ મેનેજમેન્ટ દ્વારા તાલીમના મુખ્ય હેતુઓ અને ઉપયોગીતા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. તાલીમના સમયગાળા દરમ્યાન એઆઈસીઆરપી- વીડ મેનેજમેન્ટ વિભાગની યોજનાકીય પ્રવૃત્તિઓ તેમજ નીંદણ નિયંત્રણ અંગેની ભલામણો વિશે તાંત્રિક તેમજ પ્રાયોગિક માહિતી આપવામાં આવી.

આ સમગ્ર તાલીમ કાર્યક્રમ દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા નીંદણની ઓળખ અને તેનાથી થતું નુકસાન, હઠીલા અને પરોપજીવી નીંદણનું નિયંત્રણ, નીંદણ નિયંત્રણની વિવિધ પધ્ધતિઓ તેમજ સંકલિત નીંદણ વ્યવસ્થાપન, નીંદણ નિયંત્રણ અંગેની ભલામણો, નીંદણનાશકોની સૂક્ષ્મજીવાણું પર થતી અસરો, નીંદણનાશકો અને તેના ઉપયોગમાં રાખવાની કાળજી, નીંદણનાશકોના અવશેષો અને તેનું નિવારણ, સજીવ અને પ્રાકૃતિક કૃષિમાં નીંદણ નિયંત્રણ, નીંદણનાશકોના છંટકાવનું પ્રાયોગિક નિદર્શન વગેરે જેવા વિષયો પર વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ.

કાર્યક્રમના અંતિમ દિવસે ખેડૂતોને આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે એઆઈસીઆરપી-વીડ મેનેજમેન્ટનાં ફાર્મ, સરદાર પટેલ એગ્રીકલ્ચર એજ્યુકેશન મ્યુઝીયમ, સૂક્ષ્મજીવાણુંશાસ્ત્ર વિભાગની મુલાકાત કરાવવામાં આવેલ હતી. તાલીમમાં ભાગ લીધેલ ખેડૂતોએ તેઓના પ્રતિભાવમાં જણાવેલ કે આ તાલીમ નીંદણ વ્યવસ્થાપનમાં તેમજ ખેતી ખર્ચ ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

# તાલીમ કાર્યક્રમની ઝાંખી




